હાથીનું બચ્ચું (મદનિયું)

જીંજર એલ. ક્લાર્ક

ચિત્ર: રોબિન કાડડી



હાથીનું બચ્ચું (મદનિયું)

જીંજર એલ. ક્લાર્ક

ચિત્ર: રોબિન કાડડી

આફ્રિકન ઘાસના મેદાનમાં

હવે રાતનો સમય થઈ રહ્યો છે.

હાથીઓનો એક પરિવાર

વૃક્ષોના સમૂહ નીચે સૂતો છે.

એ સાધારણ રીતે એક સમયે

ફક્ત બે-ત્રણ કલાક જ સૂઈ જાય છે.

પણ આજે રાતે એ

વધારે સમય માટે આરામ કરશે.

એક યુવાન હાથણી

એના પહેલા બચ્ચાને જનમ આપી રહી છે.

હાથીનું બચ્ચું લગભગ બે વર્ષ માટે

એની માઁ ના ગર્ભમાં મોટું થાય છે.

જન્મ સમયે, શિશુ હાથીનું વજન

200 પાઉન્ડ અને લંબાઈ ત્રણ ફીટ હોય છે.

એ એક માનવ શિશુ કરતા

20 ગણું વધારે ભારે હોય છે!

શિશુ હાથીના કપાળ પર

અને પીઠ પર કાળા વાળના ગૂંચળા હોય છે.

જેમ-જેમ એ મોટું થશે, એના વાળ ખરી જશે.

એની ત્વચા સૂકી અને ખંજવાળ આવે એવી છે.

એને પણ તમારી જેમ સન બર્ન (તડકાથી થતો ચામડીનો દાહ) થઈ શકે છે.

હાથીનું બચ્ચું એની નાની સૂંઢ ચૂસે છે,
જેમ એક માનવ શિશુ
એનો અંગૂઠો ચૂસે છે.
લગભગ એક વર્ષનું થયા પછી
એ એની સૂંઢથી ભોજન કરતા શીખશે.

અત્યારે, એ એની સૂંઢને
એના માથા પર ઘુમાવે છે
અને એની માઁ નું દૂધ પિયે છે.
હાથણી એની સૂંઢનો ઉપયોગ
એના નવજાત શિશુને આલિંગન
આપવા માટે કરે છે.

ઉફ્ફ!

હાથીનું બચ્ચું પહેલા લથડિયાં ખાય છે.

પણ એ એક કલાકથી પણ

ઓછા સમયમાં ચાલી શકે છે!

એને જલ્દી ચાલતા શીખવું પડશે.



હાથી પરિવાર બહુ વાર સુધી

એક જ જગ્યાએ નથી રહેતો.

એ હંમેશા ભોજન અને પાણીની શોધમાં હોય છે.

અને એ સિંહ જેવા જાનવરોથી દૂર રહે છે,

જે હાથીના બચ્ચાને ઇજા પહોંચાડી શકે.



શિશુને આરામ કરવા માટે

પર્યાપ્ત સમય મળ્યા પછી,

નવી માઁ અને શિશુ જવા માટે તૈયાર થઈ જાય છે.

બધા હાથી નવશિશુનુ સ્વાગત

કરવા માટે એને અડે છે અને સૂંઘે છે.

હાથી પરિવાર એક કતારમાં ઉભી જાય છે.

એ આખી રાત ચાલે છે.

એ પાણીની શોધમાં છે.



નાના હાથી એની માઁ ની પૂંછડી પકડી રાખે છે

જેનાથી એ ખોવાઈ ન જાય અથવા પાછળ છૂટી ન જાય.

નવજાત શિશુ એની માઁ ની નીચે ચાલે છે.

એ એના પરિવાર સાથે સુરક્ષિત છે.

હવે લગભગ સવાર પડી ચુકી છે.

હાથી બહુ તરસ્યા છે.

એ ધીમા ગડગડાટથી

એક-બીજાને બોલાવે છે

જેથી એ સાથે રહી શકે.

એ એવા અવાજો પણ કાઢે છે જેને

લોકો સાંભળી નથી શકતા.

હા-રૂ!

કતારમાં સૌથી આગળનો એક હાથી

એની સૂંઢથી સીંગુ ફૂંકે છે.

એને પાણીનો ખાડો મળી ગયો છે!

છપાક!

હાથી પાણીમાં તરે છે

અને કીચડમાં લોટે છે.

હાથીઓને ઘણા કીડા કરડે છે.

કીચડ એને ખંજવાળથી બચાવે છે.

હાથીનું બચ્ચું જેમ ચાલતા શીખે છે

એવી જ રીતે તરતા પણ શીખી જાય છે.

અને એ પાણીની નીચે પણ એની

માઁ નું દૂધ પી શકે છે!

સૂંઢ હાથીના નાક અને હોઠ જેવી હોય છે.

હાથીના બચ્ચા એની સૂંઢથી પાણી

એક સ્ટ્રો ની જેમ ચૂસે છે.

એ પાણી એના મોઢામાં નાખે છે.

વયસ્ક હાથી એક દિવસમાં

230 લીટર પાણી પી શકે છે.

સૂંઢનો ઉપયોગ હાથ તરીકે પણ થાય છે.

સૂંઢને છેડે બે "આંગળીઓ" પણ હોય છે.

આ આંગળીઓ હાથીઓને વસ્તુઓ ઉપાડવામાં મદદ કરે છે.

હાથી એની સૂંઢનો ઉપયોગ સૂંઘવા, વાત કરવા,

અડવા, ચૂમવા, પીવા, ખાવા અને નહાવા માટે કરે છે.



હાથીના પગ મનુષ્યના પગ જેવા નથી હોતા.

આફ્રિકન હાથીઓના આગળના પગમાં

ચાર આંગળીઓ હોય છે,

અને પાછલા પગમાં ત્રણ આંગળીઓ.

પણ હાથી એના પગના પંજાના આગળના
ભાગ પર એડી ઊંચી રાખીને ચાલે છે,

કારણકે એના પગના હાડકાંના

ઢાંચા એવા જ હોય છે.

હાથી બહુ ચુપચાપ ચાલી શકે છે,

કારણકે એના પગ મુલાયમ અને ગાદીવાળા હોય છે.

હાથીના પગના નિશાન સરળતાથી જોઈ શકાય છે.

હાથીના મોટા, ગોળ પગના નિશાન

લગભગ એક ટાયરના આકાર ના હોય છે!

નાસ્તાનો સમય થઈ ગયો છે.

કે-ક!

માઁ હાથણી એક કાંટાળા ઝાડની

થોડી ડાળીઓ તોડે છે.

એ ચાવવા માટે એના

મોટા દાંતનો ઉપયોગ કરે છે.

હાથીના જૂના દાંત ચાવવાથી ઘસાઈ
જાય ત્યારે નવા દાંત ઉગે છે.



હાથી માંસ નથી ખાતા.

એને ઘાસ, પાંદડા, અને વાંસ ખાવાનું પસંદ છે.

એને અંજીર,

નાળિયેર અને કેળા જેવા ફળ ખાવાનું પણ
પસંદ છે.

હાથી ઘણું ખાય છે -

રોજનું 200 કિલો ખાવાનું!

જયારે હાથીનું બચ્ચું મોટું થઈ જાય છે,

ત્યારે એનું વજન ચાર ટન સુધી થઈ જાય છે.

વયસ્ક હાથી લગભગ દસ ફીટ લાંબા હોય છે.

એ ઘણી છતથી પણ ઊંચા હોય છે.

હાથી જમીન પરના

સૌથી ભારે જાનવર છે.

ફક્ત વ્હેલ જ એનાથી મોટી હોય છે.

હાથીથી ઊંચું જાનવર ફક્ત જિરાફ છે.

હાથી હકીકતમાં બહુ મોટા હોય છે!



આફ્રિકન હાથીના કાન

પાંચ ફીટ સુધી પહોળા હોય છે.

હાથી એના વિશાળ કાનોને

પંખાની જેમ ફફડાવે છે

જેનાથી એ પોતાને ઠંડા રાખી શકે.

એ એના કાનથી વાતો પણ કરે છે.

એક ગુસ્સે ભરાયેલો હાથી એના કાન બહાર કાઢે છે.

એક ઉદાસ હાથી એના કાન

પાછળની બાજુ સપાટ કરી લેય છે.

હાથીના કાન માણસોની આંગળીઓના

નિશાન જેવા હોય છે.

એના આકાર, ટપકાં અને માપ અલગ-અલગ હોય છે.

કોઈ પણ બે કાન એકસરખા નથી હોતા!



નર આફ્રિકન હાથી

માદા હાથીથી ઘણા મોટા હોય છે.

નરને સાંઢ કહેવાય છે.

માદાને ગાય કહેવાય છે.

એના બચ્ચાને વાછડાં કહેવાય છે.

હાથીઓનો એક પરિવાર વયસ્ક માદાઓ

અને એના બચ્ચાથી બને છે.

એ સમૂહને ઝુંડ કહેવાય છે.

નર હાથી લગભગ તેર વર્ષની

આયુમાં ઝુંડ છોડી દેય છે.

એ ક્યારેક ઉંમરમાં મોટા નર સાથે પ્રવાસ કરે છે.

પણ મોટેભાગે એ એકલા જ રહે છે.



નર અને માદા બંને હાથીઓના દંતૂશળ (બહાર
નીકળતા અણિયાળા દાંત)
હાથીદાંતના બનેલા હોય છે.
હાથીદાંત તમારા દાંત જેવા સખત હોય છે.
એના દંતૂશળ ત્યારે વધવા લાગે છે જયારે
હાથી બે વર્ષના હોય છે.
દંતૂશળનો ઉપયોગ ઓજારની જેમ
માટીમાં ખાવાનું ખોદવા માટે કરે છે.

નર હાથીઓના દંતૂશળ માદા હાથીઓના
દંતૂશળથી ઘણા લાંબા હોય છે.
નર હાથીઓ દંતૂશળ નો ઉપયોગ લડવા માટે
કરે છે.
આ અણિયાળા હથિયાર બહુ ખતરનાક હોય
છે!

ક્યારેક મનુષ્ય આફ્રિકન હાથીઓને
એના સુંદર દંતશૂળ માટે મારી નાખે છે.
હાથીદાંતનો ઉપયોગ ઘરેણાં, બટન,
પિયાનોની ચાવીઓ અને
બીજી વસ્તુઓ બનાવવા માટે કરવામાં આવે છે.

મોટા ભાગની જગ્યાઓમાં આફ્રિકન હાથીઓને
કાનૂની સંરક્ષણ મળેલું છે.

પણ લોકો આજે પણ હાથીઓને મારે છે
કારણકે એ એનાથી ડરે છે અને એના દંતશૂળ માટે પણ.

હાથી સાધારણ રીતે શાંત સ્વભાવના હોય છે
અને લોકોથી દૂર રહે છે.

પણ ક્યારેક હાથી
ગામમાં અને ખેતરોમાં ભટકીને આવી જાય છે.

એને રહેવાની જગ્યા શોધવામાં મુશ્કેલી પડે છે કારણકે લોકો એવા વિસ્તારમાં આવીને વસી જાય છે જ્યાં ક્યારેક હાથી મુક્તપણે ફરતા હતા.

હાથી લાંબા સમયથી પૃથ્વી પર હયાત છે.

હાથી મેમથ સાથે સંબંધિત છે.

થોડા મેમથ 8,000 વર્ષો પહેલા જીવિત હતા,

પણ હવે એ બધા વિલુપ્ત થઈ ગયા છે.



થોડાંના વાળ ઉની હતા, પણ થોડાંના નહીં.

ઘણા મેમથ, આફ્રિકન હાથી જેટલા મોટા ન હતા.

એમાંના થોડાંના લાંબા દાંત હતા

જે ઘુમાવદાર હતા!

30 વર્ષોથી પણ ઓછા સમય પહેલા,
10 લાખથી વધારે આફ્રિકન હાથી હતા.
હવે, એમાંથી ફક્ત અડધા જ બચ્યા છે.

પણ આફ્રિકાના થોડા પાર્ક આ હાથીઓને
સુરક્ષિત રાખવામાં મદદ કરી રહ્યા છે.
અને દુનિયાભરના પ્રાણીસંગ્રહાલયમાં
ઘણા હાથીઓના બચ્ચાનો જન્મ થયો છે.
એટલે આપણે આશા રાખીયે કે
એ લાંબા સમય સુધી જીવતા રહેશે!



આફ્રિકન હાથીના નાના સગાં પણ છે
જે એશિયાના જંગલોમાં રહે છે.
ત્યાંના જંગલોમાં હવે
ફક્ત 40,000 એશિયાઈ હાથી બચ્યા છે.

એને રહેવા માટે જંગલ ઓછા પડી રહ્યા છે.
ખેડૂતોને ગુસ્સો આવે છે જયારે હાથી
એના ઝાડ અને પાક ખાઈ જાય છે.
પણ બિચારા હાથી ફક્ત ભૂખ્યા હોય છે.

તમે આફ્રિકન અને એશિયાઈ હાથીઓને
એના કાનના આકારથી અલગ ઓળખી શકો છો.
આફ્રિકન હાથીઓના કાન મોટા હોય છે
અને આફ્રિકાના નકશા જેવા દેખાય છે.
એશિયાઈ હાથીઓના કાન નાના હોય છે
અને એશિયાના નકશા જેવા દેખાય છે.

એશિયાઈ હાથીઓની સૂંઢ પર બે ને બદલે
ફક્ત એક જ આંગળી હોય છે.
બધા આફ્રિકન હાથીઓના દંતૂશલ હોય છે,
પણ માદા એશિયાઈ હાથીના નથી હોતા.
આ પિતરાઈ ભાઈ-બહેન દેખાવમાં એક-સરખા લાગે છે,
પણ એના જીવન બહુ જુદા હોય છે.

મોટા ભાગના આફ્રિકન હાથી જંગલમાં રહે છે.

થોડા એશિયાઈ હાથી થોડા કામ પણ કરે છે

જે એના માલિક એની પાસે કરાવે છે.

લોકો એનો ઉપયોગ લાકડા લાવવા માટે, સવારી કરવા માટે,

ગાડીઓને ધકેલવા માટે અને ભારે સામાન ઉપાડવા માટે કરે છે.

ઘણા સમય પહેલા યુદ્ધમાં પણ હાથીઓનો ઉપયોગ થતો હતો.

એશિયાઈ હાથીઓને સર્કસના

કામ માટે પ્રશિક્ષિત કરવામાં આવે છે.

ક્યારેક એને રંગીને સુશોભિત કરવામાં આવે છે

અને વિશેષ સમારંભો માટે સજાવવામાં આવે છે.

હાથી ભારતના હિન્દૂ લોકો માટે

બહુ ખાસ હોય છે.

હાથી પરિવાર બહુ નિકટ હોય છે.

સૌથી વૃદ્ધ માદા ઝુંડનું નેતૃત્વ કરે છે.

એને માતૃતંત્રીય કહેવાય છે.

એ 50 વર્ષની છે!

એ એની બહેનો અને દીકરીઓ

અને એના બધા બચ્ચાઓને

ખાવા-પીવાનું ક્યાં મળશે એ બતાવે છે.



એ એના પરિવારને

એ બધું શીખવાડે છે

જે એને જાણવું જરૂરી છે.

કેટલી મહાન દાદીમા છે!

હાથી બહુ હોશિયાર હોય છે.

એ વસ્તુઓને ઘણા લાંબા સમય સુધી યાદ
રાખે છે.

એટલે થોડા લોકો કહે છે કે

"હાથી ક્યારેય ભૂલતા નથી."

હાથી દુ:ખી થાય છે જયારે

એના પરિવારનો કોઈ સદસ્ય

બીમાર થાય છે અથવા મરી જાય છે.

થોડા વૈજ્ઞાનિકોનું માનવું છે કે

હાથી રડી પણ શકે છે.



હાથી એવું પણ દેખાડે છે કે

એ એક-બીજાની પરવા કરે છે.

એ એના સૂંઢથી ગળે મળે છે અને ચૂમે છે.

માદા હાથી એક-બીજાની રક્ષા કરે છે

અને એના બચ્ચાની સારી રીતે દેખભાળ કરે છે.

આ હાથીનું બચ્ચું મોટું અને સુંદર છે.

એની માઁ એના પર નજર રાખે છે,

એવી જ રીતે જેમ તમારી માઁ તમને પ્રેમ કરે છે.

માણસ અને હાથી એક જેવા દેખાતા નથી.

પણ આપણે ઘણા કામ એક જેવા જ કરીયે છીએ.

હાથીના બચ્ચા પણ તમારા જેવું જ હોય છે!

હાથીનું બચ્ચું

આફ્રિકન ઘાસના મેદાનમાં,

એક હાથીનું બચ્ચું જન્મ લેય છે.

જંગલ તરફ જતા

એનો પરિવાર એનું સ્વાગત કરે છે.

એ પાણીના ખાડામાંથી પાણી પીવાનું શીખે છે,

અને એની સૂંઢનો

અલગ-અલગ રીતે ઉપયોગ કરતા શીખે છે.

આ પુસ્તકમાં હાથીના બચ્ચા

વિષે બધું જાણો.